૧૯૪૦ના સાલનો વર્તારો.

લખનાર:—

(પ્રોફેસર) આર. બી. આશા,

એસ્ટ્રોલોજર એન્ડ પામીસ્ટ.

હીટલર અને સ્ટેલીનની પડતી ક્યારે આવશે?

મુસોલીની અને રૂઝવેલ્ટના ગ્રહો હાલ કેવા છે?

૧૯૪૦ માં થનારા ચાર મોટા ગ્રહોના કનજંકશનો, શું શું નુકશાની કરશે?

હીટલર પર બીજો ખુની હુમલો ક્યારે?

હીટલરનું મરણ કયા મહીના અને વરસમાં થશે?

હાલની લડાઇનો અંત ક્યારે આવશે?

ગાંધી ૧૯૪૦ માં કેટલો ફાવશે?

હાલની લડાઇમાં કયા-કયા દેશો ભાગ લેશે?

કિંમત ૨ આના.

શું કામ, મંત્ર અને તાવીજ પછવાડે
તમારા પૈસાનો ધુમાડો કરો છો ?

શની, રાહુ જેવા જાલીમ ગ્રહો જો મંત્ર તાવીજથી
વશ થતા હતે તો જ્યોતિષો પોતેજ કાંય નહી
પોતાના નબળા ગ્રહોને વશ કરી સુખી
થતા હશે ?

તમોને ધુતમ-ધાતમ વગરનું સાચ્ચુંજ ભવિષ્ય
જાણવું હોય તો પ્રોફેસર આશાને એકજ
મુલાકાત આપી ખાત્રી કરો.

અરધા કલાકના ઇન્ટરવ્યુની ફી રૂ. ૨

(પ્રોફેસર) આર. બી. આશા,

એસ્ટ્રોલોજર એન્ડ પામીસ્ટ.

ઠેકાણુ:—

પ્રેસવાલા બીલ્ડીંગ, મીનરવા સીનેમાની બાજુમાં,
બીજે માલે, લેમીંગ્ટન રોડ.

મેળાપનો ટાઇમ:—

દરરોજ સવારના ૯ થી ૧૨ અને ૨ થી ૪
રવીવારે, સવારના ૯ થી ૧૨ અને ૨ થી ૫

PRINTED BY

Mr. Sorabjee Eduljee Doctor, at the J. N. Petit Parsi Orphanage
Captain Printing Works, Lal-Bag, Parel, BOMBAY,

AND

PUBLISHED BY

R. B. Asha, Presswalla Building, Lamington Road,
Grant Road, BOMBAY.

૧૯૪૦ નું સાલ દુન્યાને માટે કેવું છે?

લખનાર:—પ્રોફેસર આર. બી. આશા,

(એસ્ટ્રોલોજર એન્ડ પામીસ્ટ.)

૧૯૪૦ ના સાલમાં થનારાં ચાર મોટા ગ્રહોના કનજંકશનો દુન્યા ઉપર અનેક આફતો લાવશે, તેમાં લડાઇ, ધરતીકંપ અને રોગ ફાટી નીકલવાથી દુન્યાની વસ્તીનો (૨૦) વીસ ટકા ભાગ નાશ પામશે. દુન્યાના મોટા-મોટા રાજદ્વારી પુરૂષોના હાલના ગ્રહો લડાઇ માટે કેવા છે તેનો ઉડતો ચીતાર.

ઓગસ્ત ૧૯૪૦ માં હીટલરની સંપૂર્ણ પડતી આવશે પરંતુ મરણ થશે નહી. હીંદુસ્થાનને ફેબ્રુઆરી ૧૯૪૧ પછી થોડા વધુ રાજદ્વારી હકો મલશે તેમજ દુન્યામાં સંપૂર્ણ શાંતી ફેલાશે યાને કે લડાઇનો અંત આવશે.

તા. ૩૧ મી ડીસેમબર ૧૯૩૯ ના રાતના બાર વાગા પછી ૧૯૪૦ ના આફતકારક વર્ષની શરૂઆત થાય છે. આ ટાઇમની કુંડળી જોતાં તુલા રાશી લગ્ને ઉદય થઇ છે અને એનો માલીક શુક્ર પાંચમે લગ્નની ડીગ્રીથી ત્રીકોણ યોગમાં છે. આ વર્ષના માલીક શુક્ર સાથે ગુરૂ, સાઠ (૬૦) અંશનો શુભ યોગ ફેબ્રુઆરી માસમાં કરશે. આ યોગથી ફેબ્રુઆરી મહીનામાં સુલેહ કરવાની ચલવળો ઘણી જોશમાં ચાલી રહેશે પરંતુ આ વર્ષમાંની શરૂઆત-માંજ સુર્ય અને ચંદ્ર જેવા ગ્રહો મંગળ સાથે સ્કવેર ઓપોઝીશનમાં પડેલા હોવાથી અને જાન્યુઆરીની શરૂઆતથીજ ચાર મોટા ગ્રહોના કનજંકશનો ઉપરા સાપરી થનારાં હોવાથી છેક બારમે કલાકે સુલેહની આશા પડી ભાંગશે અને દરેક દેશો લડાઇની તૈયારી કરી રાખશે. આ વર્ષની કુંડળીમાં યુરેનસ


નવમાં સ્થાનમાં ચંદ્ર નેપચ્યુનના ત્રીકોણમાં બેઠો હોવાથી આ વર્ષે દુન્યાના મોટા-મોટા સાયનટીસ્ટો એકેકી એવી ખાનાખરાબી ભરેલી શોધખોળો જાહેરમાં લાવશે કે જે સાંભળીનેજ દુન્યા દંગ થઇ જશે. આ કુંડળીમાં શની આઠમાં સ્થાનમાં નીચ રાશીનો થઇને પડેલો હોવાથી ૧૯૪૦ માં દુન્યાના ત્રણ મોટા રાજદ્વારી પુરૂષો, એક પ્રીવી કાઉનસીલર, અને યુરોપના એક જાણીતા રાજાનું મરણ થશે.

હવે જુદા-જુદા ગ્રહોના કનજંકશનો આ દુન્યા ઉપર કેવી અને શું-શું અસરો કરશે તે આપણે જોઇએ. તા. ૬ થી જાનેવારી ૧૯૪૦ સાંજના લગભગ સાડા ૭ (૬II) વાગે મેષ રાશીના એક અંશનો મંગળ ગુરૂનું કનજંકશન થશે. આ ટાઇમની કુંડળી જોતાં આ કનજંકશન લંડન શહેરના નવમાં સ્થાનમાં થતું હોવાથી આ વખતે બ્રીટન પોતાની પરદેશની રાજ્યનીતી મજબુત કરશે અને પરદેશો સાથે મીત્રાચારીના કૉલકરાર કરશે. આ વખતે બ્રીટન પોતાના દરીયાઇ તેમજ હવાઇ બળ ઉપર સંપૂર્ણ કાબુ મેળવશે, અને જાન્યુઆરી પછી બ્રીટન પોતાનું દરીયાઇ તેમજ હવાઇ બળ વધાર્યુંજ જશે. આ કનજંકશન વખતે શની મૅરીડીયન ઉપર હોવાથી હાલની પાર્લામેંટને સંપૂર્ણ સત્તા મલશે પણ તે પહેલાં બીજી પાર્ટીઓ તરફથી મજબુત વીરૂધતા ઉભી થશે, તેમજ જાન્યુઆરીથી એપ્રીલની આખેરી સુધીમાં યુરોપના કોઇ જાણીતા રાજાનું મરણ થશે. આ કનજંકશન વખતે તુલા રાશી ધરતી ઉપર હોવાથી ઓસ્ટ્રીયા, બરમાં, જાપાન તેમજ ચીનના ઉત્તરના કોઇ મુલકમાં ધરતીકંપો થશે. મકર રાશી છઠ્ઠે (૬) હોવાથી હીંદુસ્થાનમાં બીમારીઓનું જોર ઘણું રહેશે અને ચોક્કસ ભાગોમાં ઉડતા રોગો ફેલાશે, રૂતુમાં ફેરફાર થશે અને ગરમીનું જોર જાસ્તી રહેશે. આ કનજંકશન હીંદુસ્થાનની રાશીથી ચોથા (૪) સ્થાનમાં થતું હોવાથી આ મુલક ઉપર ધરતીકંપના સાધારણ આંચકાઓનો અનુભવ થશે અને જાન્યુઆરી પછીથી હીંદુસ્થાનમાંથી લશકરી ભરતીઓ થશે. આ કનજંક-શનથી શેર બજારમાં તેજી મંદીના મોટા જોંક આવ્યા કરશે અને કચકાંઇ સતોલીયાઓ નુકશાનીમાં આવશે.

બીજું શની મંગળનું કનજંકશન મેષ રાશીના ૨૬ અંશે તા. ૧૧ ફેબ્રુઆરી ૧૯૪૦ ને દીને બપોરના લગભગ દોઢ વાગે થશે. આ ટાઇમની કુંડળી જોતાં નેપચ્યુન સીવાય બધા ગ્રહો મૅરીડીયન નજદીક હોવાથી ફેબ્રુઆરી પછી એક બીજી વર્લડ-વોર (World War) થવાનો સંભવ છે, કેમકે તે પહેલાં સુલેહ થવાની ચળવળો પડી ભાંગશે. આ કનજંકશન મેષ રાશીમાં થતું હોવાથી અને નેપચ્યુન સીવાય બધા ગ્રહો કુંભ, મીન, મેષ અને વૃષભ રાશીમાં ભેગા થએલા હોવાથી ઉપલી રાશીમાં આવેલા દેશો લડાઇમાં ભાગ લેશે. જેવા કે કુંભ રાશીમાં એબીસીન્યા, અરેબીયા, લુથેનીયા, પ્રુશીયા, રશીયા અને સ્વીડન આવેલાં છે. મીન રાશીમાં પોર્ટુગલ આવેલું છે. મેષ રાશીમાં ઇંગ્લંડ, ડેનમાર્ક, જરમની અને પેલેસ્ટાઇન આવેલાં છે. અને વૃષભ રાશીમાં એશીયામાઇનોર, આયર્લેંડ અને પરશીયા છે. ઉપલા દેશોને લડાઇમાં ઉતરવાનો સંભવ છે. તો પછી વાંચનાર સવાલ કરશે કે ફ્રાન્સ, ઇટલી અને અમેરીકાનું શું? તેઓ લડાઇમાં નહી પડશે? જો કે ફ્રાન્સ તો અત્યાર અગાઉ લડાઇમાં પડયું છે, ત્યારે તે શાથી? તેનો જવાબ એટલોજ છે કે હાલમાં મંગળનો સીતારો દુન્યા ઉપર ઘણો આગેવાન ભાગ ભજવે છે અને મંગળ વોર-લોડ (War-lord) હોવાથી જે-જે દેશોના હાલના પ્રધાનો, પ્રેસીડન્તો અને ડીકટેટરોની જન્મ કુંડળીઓમાં મંગળ જો પાપ દ્રષ્ટીમાં ફસાયલો હશે તો તેઓ પોતાના દેશોને લડાઇમાં ધકેલશે. ત્યારે હવે આપણે થોડા ડીકટેટરો અને પ્રેસીડન્ટોની કુંડળીઓનું વીવેચન કરીશું.

જોતિષને લગતા દરેક કામના અરધા પૈસા આંગપર લેવામાં આવશે.


મોં. ડૅલાડીયર.



ફ્રાન્સનો પ્રીમીયર મોં. ડેલાદીયરનો જન્મ તા. ૧૮ જુન ૧૮૮૪, સહવારના ૧૦.૪૫ કલાકે થયો છે. આ કુંડળી જોતાં સુર્ય અને શની મૅરીડીયન ઉપર છે અને તેનો લગ્ન સાથે રહેલા યુરેનસ સાથે સ્કવેર યોગ છે. ફ્રાન્સની રાશી સીંહ છે અને તેનો માલીક સુર્ય, શની સાથે મૅરીડીયન ઉપર હોવાથી અને મોં. ડેલાદીયરની ૫૬ વર્ષની પ્રોગ્રેસ કુંડળીમાં શની પ્રોગ્રેસ થઇ રવી સાથે કનજંકશન કરવા ધસ્યો જાય છે અને પ્રોગ્રેસ મંગળ જન્મના ચંદ્ર સાથે ઓપોઝીશન (opposition) કરવા જતો હોવાથી મોં. ડેલાદીયરના હાલના ગ્રહોએ ફ્રાન્સને લડાઇમાં ઉતાર્યું છે પણ પોતાના દેશને ઘણું નુકશાન થવા દેશે નહી. કારણ કે ફ્રાન્સની સીંહ રાશીમાં ડેલાદીયરનો જન્મનો ગુરૂ છે, અને ગુરૂ હાલમાં પ્રોગ્રેસ થઇ જન્મના સુર્ય અને શની સાથે સેકસતાઇલ (sextile) યોગ કરવા જાય છે.


હવે ઇંગ્લાંડના પ્રાઇમ મીનીસટર મી. ચેમબરલેનની કુંડળી જોઇએ જેવણુનો જન્મ તા. ૧૮ માર્ચ ૧૮૬૯ માં થયો છે. મી. ચેમબરલેનનો જન્મ ટાઇમ અચોક્કસ હોવાથી ખરો ટાઇમ મલી શકતો નથી. પરંતુ હાલમાં આપણે એમના જન્મના ગ્રહોનું પોઝીશન કેવું છે તેજ જોઇશું. ચેમબરલેનની કુંડળીમાં ત્રણ મોટા ગ્રહો ગુરૂ, મંગળ અને શનીનો ગ્રાન્ડ-ત્રાયન (grand-trine) યોગ થયો છે. મેષનો ગુરૂ ૧૯ અંશ, સીંહનો મંગળ ૧૫ અંશ, અને ધનનો શની ૧૭ અંશ, અને બીજો શુભ યોગ એ છે કે પોતાના દેશની મેષ રાશીમાં ચેમબરલેનનો જન્મનો ગુરૂ છે, અને આ બળવાન ગુરૂએ શની મંગળ જેવા પાપ ગ્રહોને પોતાના ગ્રાન્ડ-ત્રાયનથી બાંધી લીધેલા છે. આજ બળવાન યોગથી ચેમબરલેન લડાઇ અટકાવવા માંગતો હતો અને તેણે થોડો વખત અટકાવી પણ હતી. પરંતુ દુન્યાના લોકોએ એમની નબળી રાજનીતી વખોડી કહાડી હતી, તો વાંચનાર વીચાર કરશે કે જો એમજ હોય તો ચેમબરલેનની પ્રીમીયરશીપ (Primiership) માં લડાઇ કેમ થઇ? તેનો જવાબ એ કે ચેમબરલેનનો જન્મનો મંગળ હીટલરના જન્મના શની સાથે કનજંકશનમાં હોવાથી, અને હાલમાં હીટલરનો પ્રોગ્રેસ મંગળ ચેમબરલેનના જન્મના શનીના ઓપોઝીશન ઉપરથી પસાર થતો હોવાથી આ બન્ને જણા એકેકના શત્રુ બને એમાં નવાઇ નથી. તોપણ ઇંગ્લાંડની મેષ રાશીમાં ચેમબરલેનનો ગુરૂ હોવાથી પોતાના દેશને નુકશાન થવા દેશે નહી. ૧૪ મી માર્ચ ૧૯૪૦ એ મેષનો ગુરૂ ૧૫ં અંશનો જ્યારે પાછો થશે, ત્યારે ચેંમબરલેનની કુંડળીમાં આ ગ્રાન્ડ-ત્રાયન (grand-trine) યોગ પાછો થશે. ચેંબરલેનનો આ યોગ ઇંગલાંડને ઘણો મદદ કરતા થઇ પડશે. અને ઇંગલાંડ હાલ જે નુકશાની ભોગવી રહ્યું છે, તે ૧૪ મી માર્ચ પછી નાબુદ થશે. અને આ યોગ ઇંગલાંડ માટે હવે પછી આવતી આફતોમાં રક્ષણ કરતા થશે.

સીનોર મુસોલીની.




હવે ઇટલીના ડીકટેટર સીનોર મુસોલીનીના જન્મના ગ્રહો તપાસીશું. મુસોલીનીનો જન્મ તા. ૨૯ જુલાઇ ૧૮૮૩ બપોરના ૨ વાગે મીલાન શહેરમાં થયો છે. આ કુંડળીમાં ચંદ્ર, શની અને મંગળનું ત્રીપુતી કનજંકશન આઠમાં સ્થાનમાં થયું છે, જેને સીંહ રાશીનો સુર્ય મૅરીડીયન ઉપરથી સેકસતાઇલ (sextile) યોગ કરે છે. મુસોલીનીના ૫૭ વર્ષની પ્રોગ્રેસ કુંડળીમાં શની આગળ વધીને જન્મના મંગળને કનજંકશન કરતાં પહેલાં વક્રી થઇ પાછળ હઠે છે. અને મંગળ પ્રોગ્રેસ થઇ જન્મના ગુરૂ સાથે કનજંકશન કરે છે. મુસોલીનીનો પ્રોગ્રેસ મંગળ આ વર્ષે ગુરૂના શુભ યોગમાં હોવાથી એ પોતાના દેશને લડાઇમાં ઉતારશે નહી. પરંતુ જો ઉતરશેજ તો જર્મની અને રશીયા સામે ઉતરશે. કારણ કે હીટલરનો પ્રોગ્રેસ મંગળ, મુસોલીનીના જન્મના યુરેન્સ સાથે સ્કેવેર યોગ કરતો હોવાથી અને સ્ટૅલીનનો પ્રોગ્રેસ મંગળ મુસોલીનીના જન્મના શની ઉપરથી પસાર થતો હોવાથી મુસોલીની આ બન્નેનો શત્રુ બને તો અજબ થવા જેવું નથી. મુસોલીનીને કર્ક રાશીમાં ગુરૂ, શુક્ર, નવમાં (૯) સ્થાનમાં હોવાથી પરદેશો સાથે આ લડાઇની સુલેહ અને સમાધાની કરાવવાનો જશ એના ફાળે જશે. ઇટલીની રાશી સીંહ છે અને એજ રાશીમાં મુસોલીનીના જન્મનો સુર્ય છે. અને આ વર્ષે ગુરૂ પ્રોગ્રેસ થઇ કર્ક રાશી છોડી સીંહ રાશીમાં દાખલ થાય છે આથી મુસોલીની પણ પોતાના દેશને ઝાઝી અળવળ આવવા દેશે નહી.

જોસફ સ્ટૅલીન.




હવે રશીયાના ડીકટેટર જોસફ સ્ટૅલીનના સીતારાની ચાલ જોઇશું. આ માણસનો જન્મ તા. ૧ જાનેવારી ૧૮૮૦ સહવારના ૩.૦૫ વાગે થયો છે. આ કુંડળીમાં યુરેનસ મૅરીડીયન ઉપર છે અને તેનો દશમાના માલીક બુધ સાથે સ્કેવેર યોગ છે. સ્ટૅલીનની ૬૧ વર્ષની પ્રોગ્રેસ કુંડળીમાં મંગળ પ્રોગ્રેસ થઇ દશમાં સ્થાનમાં રહેલા યુરેનસ સાથે સ્કવેર યોગ કરે છે. આ યોગથી સ્ટૅલીન પોતાના દેશને લડાઇમાં હોમાવી નુકશાન કરશે. કારણ કે રશીયાની કુંભ રાશીમાં સ્ટૅલીનનો કોઇ પણ શુભ ગ્રહ નથી. ઉલતું સ્ટૅલીનનો વૃષભ રાશીનો મંગળ પોતાના દેશની રાશીના સ્કેવેરમાં છે તેથી રશીયામાં પણ બળવો થવાના સંભવ છે, તોપણ ઓગસ્ટ ૧૯૪૦ સુધી સ્ટૅલીન ઘણો ફાવશે, પરંતુ એજ સાલની આખેરીમાં એની પડતી આવે, યા મરણ થાય એમ છે. કારણ કે ૧૯૪૦ ની આખેરીમાં સ્ટૅલીનના ડાયરેકશન્સો ઘણા ખરાબ થાય છે. આ વખતે એના ઉપર ખુની હુમલો થશે યા તો ગળાંની ભયંકર બીમારી લાગુ પડી મરણતોલ માંદગી આવશે.

ફ્રેંકલીન રૂઝવૅલ્ટ.



હવે રહયો આપણો જાણીતો અમેરીકાનો પ્રેસીડન્ટ ફ્રૅંકલીન રૂઝવૅલ્ટ, એમનો જન્મ તા. ૩૧ જાન્યુઆરી ૧૮૮૨ રાતના ૮.૦૦ વાગે ન્યુયૉર્ક શહેરમાં થયો છે. આ કુંડળીમાં વૃષભ રાશીમાં શની, ગુરૂ અને નેપચ્યુન કનજંકશનમાં છે જેને લગ્નમાં રહેલો યુરેનસ ત્રીકોણ યોગ કરે છે. રૂઝવૅલ્ટની ૫૯ માં વર્ષની પ્રોગ્રેસ કુંડળીમાં મંગળ પ્રોગ્રેસ થઇ જન્મના શની, ગુરૂ, નેપચ્યુન અને યુરેનસ સાથે સેકસટાઇલ (sextile) યોગ કરે છે. આ યોગથી અમેરીકાને લડાઇમાં પડવાના ચાન્સ ઘણા ઓછા છે. વખતે જો તેને લડાઇમાં ઉતરવુંજ પડે તો તે જર્મની અને રશીયા સામેજ ઉતરશે, કારણ કે હીટલરનો પ્રોગ્રેસ મંગળ હાલમાં રૂઝવૅલ્ટના જન્મના યુરેનસ સાથે સ્કવૅર યોગ કરે છે. રૂઝવૅલ્ટનો પ્રોગ્રેસ મંગળ હાલમાં સ્ટૅલીનના જન્મના શનીના સ્કવૅરમાં અને રાહુના ઓપોઝીશન (opposition) માં હોવાથી અમેરીકા ઉપલા બન્ને દેશનો દુશમન બને તો તેમાં તાજુબ થવા જેવું નથી. મુસોલીનીની માફક રૂઝવૅલ્ટનો ગુરૂ પણ ભાગ્ય સ્થાનમાં હોવાથી લડાઇની સમાધાની કરાવાનો અડધો જશ રૂઝવૅલ્ટને પણ ફાળે જશે.

એડોલ્ફ હીટલર.



તા. ૧૧ ફેબ્રુઆરીથી થનારૂ શની મંગળનું કનજંકશન હીટલરની લગ્નની ડીગ્રી અને યુરેનસના એપોઝીશનમાં, અને જન્મના બુધના કન-જંકશનમાં પડતું હોવાથી આ વખતે હીટલર ઝનુની ગાંડો બની જશે. આ વખતે એના મગજમાં બે વીચાર ઉતપન થશે. એક તો આપઘાત કરી પોતાની જીંદગીનો છેડો લાવવાનો, અને બીજો વીચાર એક મોટી લડાઇ લડી દુન્યાની સંશકૃતીનો નાશ કરવાનો. એમા પહેલો વીચાર અમલમાં મુકવામાં એને મુશકેલી પડશે, કારણ કે, એનું મરણ હાલમાં નથી, પરંતુ તે કયારે આવશે તે લખાણમાં આગળ ચાલતાં તમો વાંચશો. હીટલર પોતાનો છેલ્લો વીચાર અમલમાં મુકી દુન્યાને પોતાની હેવાન્યત-પણાનો ખ્યાલ આપશે. અને જેમ મેં ઉપર જણાવ્યું છે તેમ તા. ૧૧ ફેબ્રુઆરી પછી એક બીજું જંગે જેહાન શરૂ થશે. હવે હીટલરની કુંડળીનું વીવેચન કરૂં છું. હીટલરની કુંડળી દુન્યાના જ્યોતીષો માટે એક ઉખ્યાણા સમાન અને ગુંચવાડા ભરેલી થઇ પડી છે. કોઇ કહે છે કે એ આખું યુરોપ સર કરશે. તો કોઇ કહે છે કે ૧૯૪૦ માં એનું ખુન થશે. કોઇ કહે છે કે આપઘાત કરી મરશે અને કોઇ કો તો એટલો ભાર મુકી જણાવે છે કે હીટલર ગળાનાં ખરાબ દર્દથી પીડાતો હોવાથી મ્યુનીક કરાર થયા અગાઉ


ખાપરી પણ ગયો છે અને હાલમાં તો નકલી હીટલર કામ કરી રહ્યો છે. ત્યારે હવે ખરૂં શું અને ખોટું શું? એની કુંડળી બારીકાઈથી જોતાં એમાં પાપ ગ્રહ તેમજ શુભ ગ્રહોના યોગો બળવાન થયા છે. હીટલરનો જન્મ તા. ૨૦ એપ્રીલ ૧૮૮૯ સાંજના ૬-૩૦ વાગે ઑસ્ટ્રીયામાં થયો છે. આ કુંડળીમાં દેહ અને આવરદાનો માલીક શુક્ર સ્વગ્રહી થઇ આઠમાં સ્થાનમાં મંગળ સાથ કનજંકશનમાં પડેલો છે, અને આ બન્ને ગ્રહો શની સાથે સ્કવૅર યોગમાં છે. દેહ અને આવરદાનો માલીક, મંગળ અને શનીની પાપ દ્રષ્ટીમાં હોવાથી એનો અંત ઘણોજ ખરાબ રીતે આવશે એ તો ચોક્કસજ છે. હવે બીજી બાજુ ચંદ્ર ગુરૂનું કનજંકશન ત્રીજા સ્થાનમાં છે, અને આ બન્ને ગ્રહો દશમાના માલીક સુર્ય સાથે ત્રીકોણ યોગમાં છે. ચંદ્ર ગુરૂનું કનજંકશન અને તેનો સુર્ય સાથનો ત્રીકોણ યોગ આ કુંડળીના તમામ રીષ્ટ (ખરાબ) યોગોનો ભંગ કરે છે. આ બળવાન શુભ ગ્રહોની અસરથીજ હીટલર આજે સત્તાની ટોંચે પુગ્યો છે. પરંતુ પાપ ગ્રહ દશમે કોઇપણ ઇનસાનની સત્તા અને કીર્તી લાંબો વખત ટકાવી રાખતો નથી જેવો કે, નેપોલ્યન બોનાપાર્ટનો શની દશમે હતો કે જેણે એક વખત દુન્યા ધ્રુજાવી હતી પણ છેવટે કંગાળ મહોતે મુવો. જર્મન કયસરને મંગળ દશમે છે કે જે છેલ્લી મહાન લડાઇ લડી આજે એક ખુણે બેઠો છે. ગાંધીનો રાહુ દશમે છે કે જેનું નામ પણ દુન્યામાં જાણીતું છે તે પણ આજે પડતીના પગથ્યાં ઉપર આવી પહોંચ્યો છે, તેવીજ રીતે હીટલરનો શની પણ દશમે હોવાથી એ પણ થોડા વખતમાં જમીનદોસ્ત થશે એ પણ નક્કીજ છે. વળી ખુબી તો એ છે કે જે શની મંગળના ડાયરેકશનથી કયસરે લડાઇમાં ઝીપલાવ્યું તેજ શની મંગળના ડાયરેકશનથી હીટલરે પણ લડાઇમાં ઝીપલાવ્યું છે. કયસરનો મંગળ દશમે છે અને એની ૫૫ વર્ષની ઉમરે પ્રોગ્રેસ મંગળ એના જન્મના શની સાથ સ્કવેર યોગ કરવાથી એને દુન્યા જીતવાનો લોભ થયો, તેથી ઉલતું હીટલરનો શની દશમે છે અને હીટલરની ૫૦ વર્ષની ઉમરે શની પ્રોગ્રેસ થઇ એના જન્મના મંગળ સાથે સ્કવેર યોગ કરવાથી હાલ એ પણ લડાઇમાં પડયો છે. બન્ને એકજ ડાયરેકશનમાં લડાઇમાં પડયા હોવાથી જેવો હાલ કયસરનો થયો તેવોજ હાલ હીટલરનો થશે. હવે હીટલરની પડતી અને મરણ કયારે થશે તે

લગ્નની રાશ અંગ્રેજી તથા દેશી રૂઢી પ્રમાણે જોવામાં આવે છે.

 ૨૧૯૯૯

જોઇએ. તા. ૨૦ એપ્રીલ ૧૯૪૦ પછી, હીટલરને ૫૧ વર્ષ પુરાં થઇ ૫૨ મું વર્ષ બેસસે. એના (૫૨) બાવનમાં વર્ષની કુંડળી જોતાં પ્રોગ્રેસ શની જન્મના મંગળ અને શુક્ર સાથે પુરેપુરો સ્કવેર યોગ કરે છે. હવે પ્રોગ્રેસ ચંદ્ર ઓગસ્ત ૧૯૪૦ થી નવેમ્બર ૧૯૪૦ સુધીમાં એના જન્મના શનીના સ્કવેરમાં અને શુક્ર મંગળના ઓપોઝીશનમાં આવતો હોવાથી ઓગસ્તથી નવેમ્બર સુધીમાં હીટલરને પોતાના જીવની પળેપળ ધાસ્તી રહેશે, કારણુ કે એની દેહ અને આવરદાનો માલીક, શની, મંગળ અને ચંદ્રની પાપ દ્રષ્ટીમાં ઘેરાઇ ગયલો હોવાથી એનો જાન લેવા માટે ઉપલા મહીનાઓમાં ઉપરા–સાપરી હુમલાઓ થશે. આ ડાયરેકશનની અસર એટલી તો ભયંકર છે કે આ તાઇમે હીટલર ઘાયલ પણ થશે, અથવા તો આ તાઇમે ગળાંની ભયંકર બીમારીથી મરણતોલ માંદગી આવશે પણ એની જીંદગીની દોરી હજી તુટશે નહી. કારણુ કે એના આવરદાનો માલીક શુક્ર પ્રોગ્રેસ થઇ જન્મના ગુરૂ સાથ ત્રીકોણુ યોગ કરે છે, તેથી આ ગુરૂની ત્રીકોણુ અસર એને કટોકટ તાઇમે મહોતમાંથી બચાવશે. તો પછી વાંચનારાઓની ઇંતેજારી વધશે કે એનું મરણ કયારે થશે? તેનું જાણવું એ કે એનું મરણ ૧૯૪૬ ના એપ્રોલ, ઓગસ્ત, યા નવેમ્બર, એ ત્રણમાંથી કોઇ એક મહીનામાં થશે. ૧૯૪૬ માં તા. ૨૦ એપ્રીલે એને ૫૮ મું વર્ષ બેસસે. આ વર્ષની કુંડળી જોતાં એની દેહ અને આવરદાનો માલીક શુક્ર, ગુરૂના શુભ ત્રીકોણુથી છુટો પડી શની સાથ સ્કવેર યોગ કરે છે તેવીજ રીતે પ્રોગ્રેસ ચંદ્ર ઉપલા મહીનાઓમાં શુક્ર, શની અને મંગળની પાપ દ્રષ્ટીમાં આવતા હોવાથી અને આ વર્ષે કોઇ પણ શુભ ગ્રહ એના આવરદાના માલીક સાથ સારા યોગમાં નહી હોવાથી ઉપલા મહીનાઓમાં એની જીંદગી ખતમ થશે. શની એના મરણનો કારક ગ્રહ હોવાથી હીટલર લાંબા વખતની બીમારી ભોગવી, ખરાબ દર્દથી રીબીને મરશે. જન્મના ઘણા ખરા ગ્રહો ફીકસ્ડ સાઇન (fixed sign) માં હોવાથી અને મરણ વખતનું ડાયરેકશન પણ આજ સાઇનમાં થતું હોવાથી ગળાંની બીમારી હાર્ટ ટ્રબલ, અથવા રેતી પથરીના દર્દોથી દુઃખ ભોગવી મરણ પામશે.

મોહનદાસ ગાંધી.



હવે હું માહરાં અસલ લખાણ ઉપર પાછો આવું તે પહેલાં ગાંધીને માટે આ ૧૯૪૦ નું વર્ષ કેવું છે તેનું થોડું વીવેચન કરીશ. ગાંધીનો જન્મ તા. ૨ અકટોબર ૧૮૬૯ સહવારના ૭.૪૫ કલાકે થયો છે. આ ટાઇમની કુંડળી જોતાં સાયન વૃશ્ચિક રાશી ૫ અંસે લગ્ને ઉદય થઇ છે. શારૂબલ (Charubal) નામના કર્તાની લખેલી ઍસ્ટ્રોલૉજીકલ મેન્યુઅલ્સ નં. ૮ (Astrological Manuals No. VIII) " The degrees of the Zodiac symbolised " નામની ચોપડીમાં વૃશ્ચિક રાશીના ૫ અંશે જન્મનારા પુરૂષોના જીંદગીના આદર્શો કેવા હોય છે તેનો એમનો એમ ઉતારો હયાં ટાંકી દેખાડું છું :—

" *m* 5° A storm-swept prairie. Free as the wind that blows will be the mind of him who shall answer to this degree of the circle. Violent withal and rash, he shall put forth much strength to no purpose, and

---

હમારા સાચ્ચા પડતા વર્તારાઓ, હમારા જોતિષને લગતા ઉંડા જ્ઞાનની સાબીતી છે.

the path of him will be marked by waste and extravagance. Fallen idols and desolated temples will be the outcome of his genius, and to destroy where he cannot build will appear his aimless pursuit in life. Nerertheless in the end he will become himself the desecrated tomb of many forlorn and blighted hopes. It is a degree of **wantonness.**"

તા. ૧૬ માર્ચે થનારૂં યુરેનસ મંગળનું કનજંકશન ગાંધીના જન્મના મંગળના ઓપોઝીશનમાં અને દશમાં સ્થાન પર રહેલા ચંદ્રના સ્કવેરમાં થતું હોવાથી તા. ૧૬ માર્ચ પછી ગાંધી કાંઇ પણ રાજદ્વારી ચળવળ કરશે તો તેમાં મોટી હાર અને ખતા ખાશે. કારણ કે મેં અગાઉ જણાવ્યું તેમ ગાંધીનો રાહુ મેરીડીયન ઉપર હોવાથી ગાંધી માટે હવે પડતીના પગથીયાં ઉપરથી ઉતરવાનો વખત આવ્યો છે. ગાંધીની ૭૧ માં વર્ષની પ્રોગ્રેસ કુંડળી જોતાં દશમાં સ્થાનનો માલીક સુર્ય ડાયરેકશનમાં શની મંગળની પાપ દ્રષ્ટીમાં સપડાયલો હોવાથી, અને દશમું સ્થાન રાજદ્વારી સ્થાન હોવાથી ૧૯૪૦ પછીથી ગાંધીને રાજદ્વારી બાબદમાં બીલકુલ ફતેહ મલશે નહી. ગાંધી માટે તો હવે રાજદ્વારી બાબદથી અલગ થઇ જવામાંજ શોભા છે કારણ કે હવે પછી થનારા ખરાબ ડાયરેકશન્સો ગાંધીની અગાઉની મેળવેળી માન અને કીર્તી ધુળમાં મેળવશે. તેમાં તા. ૧૬ માર્ચ પછીથી ગાંધીને ઘણાજ કસોટીનાં (trying) ડાયરેકશનમાંથી પસાર થવું પડશે. આ વખતે ગાંધીએ અકસમાતથી યા પડવા ખડવાથી અથવા છુપા દુશમનોના હુમલાથી સાવચેત રહેવાની જરૂર છે.

ત્રીજું કનજંકશન યુરેનસ અને મંગળનું વૃષભ રાશીના ૧૯ અંશે તા. ૧૬ માર્ચ ૧૯૪૦ સહવારના લગભગ ૬.૩૦ વાગે થતું હોવાથી આ ટાઇમની કુંડળી જોતાં આ કનજંકશન ફાઇનેન્સ હાઉસ (ધનસ્થાન)માં થતું હોવાથી આ વખતથી દુન્યાના દરેક દેશની પૈસા બાબદની સ્થીતી ઘણી

ખરાબ થશે. ઇંગ્લાંડ આ વખતે લડાઇની લોન (War Loan) કહાડશે અને ઇંગ્લાંડની પ્રજા પર ભારી કરોના બોજા પડશે કે જેની અસર હીંદુસ્થાન ઉપર પણ થશે. પરંતું જર્મનીની પૈસાની સ્થીતી માર્ચ પછી ઘણી બગડશે, કારણ કે આ યુરેનસ મંગળનું કનજંકશન ખુદ હીટલરના ધનભુવનના માલીક મંગળના કનજંકશનમાં અને શનીના સ્કવેરમાં થતું હોવાથી આ વખતથી જર્મનીની પૈસાની સ્થીતી ઘણી કંગાળ બની જશે.

કરના ભારી બોજાથી જર્મન પ્રજા કચડાઇ જશે, અને આ પ્રમાણે કરવા છતાં પણ પૈસાની સ્થીતી ન સુધરતાં હીટલર ધોળે દીવસે પ્રજાને લુટશે, બેંકોના નાણા જપત થશે. આ મહીના પછીથી યાને તા. ૧૬ માર્ચ પછીથી એની પડતીની શરૂઆત થશે, પ્રજાનો વીશ્વાસ એના ઉપરથી ઉડી જશે, અને જર્મન પ્રજાનો બખેડો થશે. આ વખતથી એના સામે પ્રજા છુપાં કાવત્રાંઓ કરશે, તેમજ એને ડગળે અને પગળે એના જીવની ધાસ્તી રહેશે. આ ટાઇમે એના ઉપર બે થી ત્રણ વખત હુમલાઓ થશે પણ તેમાંથી એ કટોકટ વખતે બચી જશે. આ કનજંકશન ૧૯૪૦ ની વર્ષ કુંડળીમાં નવમાં સ્થાનમાં થતું હોવાથી તા. ૧૬ માર્ચ પછી મોટી હવાઇ લડાઇ થશે. કારણ કે આ કનજંકશન હીટલરના જન્મના મંગળ પર અને શનીના સ્કવેરમાં થતું હોવાથી અને જેનરલ ગોરીંગના લગ્નમાં રહેલા ચંદ્રના ઓપોઝીશનમાં થતું હોવાથી આ મહીના પછીથી જર્મનીના હવાઇ બળની પરીક્ષા દુન્યાને થઇ જશે, અને આ હવાઇ લડાઇમાં જર્મનીની મોટી હાર થશે.

આ કનજંકશન હીંદુસ્થાનની રાશીથી પાંચમે થતું હોવાથી શેર બજારની સ્થીતી બહુ નબળી થઇ જશે અને કંચકાંઇ સટોડીયાઓ દીવાળાં ફુંકશે.

હવે ચોથું અને છેલ્લું કનજંકશન શની અને ગુરૂનું વૃષભ રાશીમાં ત્રણ જુદી-જુદી વખતે થશે. પહેલું કનજંકશન તા. ૮ ઓગસ્ત ૧૯૪૦ લગભગ રાતના ૧૧ વાગે વૃષભ રાશીના ૧૪ અંશે થશે. આ ટાઇમની

કુંડળી જોતાં આ કનજંકશન ૧૨ માં સ્થાનમાં સુર્ય મંગળના સ્કવેરમાં થાય છે. આ વખતથીજ ડીકટેટરોની પડતીની શરૂઆત થશે પણ તે પહેલાં તેઓ એક છેલ્લે પાતલેની લડત લડી લેશે. કારણ કે મંગળ આ કનજંકશન વખતે સ્કવેર યોગ કરતો હોવાથી મંગળનું જોર આ વખતે બહુ પ્રબળ રહેશે. દરેક દેશો આ વખતે પોતાની સઘળી શક્તિ અને સાંધનો વાપરી નાખશે. આ વખતે હીટલરનાં તેમજ દરેક દેશોના છુપા હથ્યારો બહાર આવશે. આ કનજંકશનની ખુહારીનો આંકડો ૧૯૪૦ ના સાલમાં ઘણો મોટો રહેશે, કારણ કે એક બાજુથી ખુનખાર લડાઇ, બીજી બાજુ ધરતીકંપ, અને ત્રીજી બાજુ રોગ ફેલાવાથી બીમારીનું જોર. આ કનજંકશન ફીકસ્ડ સાઇનમાં (fixed sign) થતું હોવાથી તા. ૮ ઓગસ્ત પછીથી મોટો ધરતીકંપ થવાનો સંભવ છે. આ કનજંકશન વખતે મંગળ સીંહ રાશીમાંથી સ્કવેર યોગ કરતો હોવાથી સીંહ રાશીમાં આવેલો દેશો અને શહેરો જેવાં કે દેશોમાં ફ્રાન્સ, ઇટલી, બોહેમીયા, નોરધર્નરૂમાનીયા અને સીસીલીયા. અને શહેરોમાં બ્લેકપુલ, બ્રીસટલ, પોર્ટસ્મથ, તોનતન, શીકાગો, ફીલેદેલીફીયા, મુંબઇ, દમાસકસ, પ્રાગ, રેવેના અને રોમ. ઉપલા દેશો અને શહેરો ઉપર આ કનજંકશનની અસર વધુ રહેશે, અને આથી કરીને તેઓને વધુ નુકશાન થશે.

બીજું શની ગુરૂનું કનજંકશન વૃષભ રાશીના ૧૨ અંશે તા. ૨૦ અકટોબર ૧૯૪૦ સહવારના લગભગ ૬.૩૫ કલાકે થશે. આ કનજંકશન આઠમાં સ્થાનમાં શુક્ર સાથે ત્રીકોણ યોગમાં થતો હોવાથી આ વખતથી લડાઇ એકદમ ધીમી પડી જશે અને દરેક દેશો તરફથી સુલેહ અને સમાધાનીના પ્રયાસો ચાલુ રહેશે. જો કે આ કનજંકશન વખતે રવી મંગળ ઉદય થએલા હોવાથી હજી મંગળનું જોર થોડુંક રહેશે અને છુટી છવાઇ લડાઇ અને હુમલા ચાલ્યા કરશે. આ વખતથી ડીકટેટરોની સંપૂર્ણ પડતી આવશે. આ કનજંકશન અગાઉ હીટલરને પોતાની ચેનસેલરશીપ છોડી દેવી પડશે. આ ટાઇમથી જર્મની અને રશીયામાં આંધાધુંધી ફેલાશે કારણ કે મેં માહરાં ઉપલાં લખાણુમાં જણાવ્યું તેમ હીટલર અને સ્ટૅલીન બન્નેના મંગળો પોતાના દેશની રાશીના ખરાબ યોગમાં હોવાથી, અને મંગળનું જોર આ ટાઇમથી નરમ થતું હોવાથી આ કનજંકશન અગાઉ પોતાના દેશની ખરાબી કરી ચુકયા હશે.

હવે છેલ્લું શની ગુરૂનું કનજંકશન તા. ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૧ સહવારના લગભગ ૬.૧૭ કલાકે વૃષભ રાશીના ૯ અંશે થશે. આ ટાઇમની કુંડળી જોતાં સુર્ય અને શુક્ર લગ્ને ઉદય થએલા છે અને ચંદ્ર સાથે તેનો શુભ ત્રીકોણ યોગ થયો છે, અને આ વખતે મંગળ, સુર્ય, શુક્ર અને ચંદ્રના સેકસટાઇલ (sextile) યોગમાં છે. આ ટાઇમથી એટલે તા. ૧૫ ફેબ્રુઆરી પછીથી મંગળનું જોર એકદમ નરમ પડી જશે અને લડાઇ બંધ પડી લગભગ ૨૦ વર્ષના ગાળા સુધી આખી દુન્યામાં સંપૂર્ણ શાંતી પંથરાઇ રહેશે. આ ટાઇમથી યાને તા. ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૧ થી ડીકટેટરો અને હાઇ કમાન્ડનાં જોર અને સત્તા ખલાસ થશે (હીદુસ્થાન સુધ્ધાં).

ફેબ્રુઆરી ૧૯૪૧ પછીથી ગાંધી કોનગ્રેસના સરમુખત્યાર તરીકે વધુ વાર રહેશે નહી. અને ફેબ્રુઆરી ૧૯૪૧ પછીથી કોનગ્રેસનો લાગવગ હીંદુસ્તાન પરથી ઓછો થઇ જશે. એપ્રીલ ૧૯૪૧ પછીથી હીંદુસ્તાનને થોડાક વધુ રાજદ્વારી હકો મલશે પણ પુર્ણ સ્વરાજ બીજા ૨૦ વરસ સુધી મલશે નહી. એપ્રીલ ૧૯૬૧ પછી શની ગુરૂનું કનજંકશન હીંદુસ્તાનની મકર રાશીમાં થતું હોવાથી, એપ્રીલ ૧૯૬૧ પછીથી હીંદુસ્તાન સ્વતંત્ર થશે, પણ તે પહેલાં તો નહીજ.

તારીખ ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૧ નું શની ગુરૂનું કનજંકશન, પોલેંડની વૃષભ રાશીમાં થતું હોવાથી, જુન ૧૯૪૧ સુધીમાં પોલેંડ પાછું એક સ્વતંત્ર દેશ તરીકે ઉભું થશે. પોલેંડને પાછું સજીવન કરવામાં પ્રેસીડન્ટ રૂઝવેલ્ટ ઘણો આગેવાન ભર્યો ભાગ ભજવશે.

હમારા જોતિષના કામનું પ્રાઇસ લીસ્ટ.

	રૂપીઆ
નવ કુંડળી, ત્રણ દશા સાથનો ટપેકો	૫
બાર ભાવના ફળ સાથનો ટપેકો	૧૫
આખી જીંદગીનો હેવાલ દરેક વરસનો જુદો	૨૫
બાર મહીનાનું વર્ષફળ....	૫
અંગ્રેજી રૂઢી પ્રમાણે બાર ભાવનું ફળ લખી આપવાનું	૧૦
હસ્તરેખા પરથી ભવિષ્ય જોવાના....	૨
હોરારી વિદયા પ્રમાણે એક પ્રશ્નનનો જવાબ કહેવાનો	૨
અંગ્રેજી તથા દેશી બંને રૂઢી પ્રમાણે લગનની રાશ જોવાના	૧

PRINTED AT
THE J. N. PETIT PARSI ORPHANAGE
CAPTAIN PRINTING WORKS,
LALBAG, PAREL,
BOMBAY, 12.